ક્રમાંકઃડીએમ/ડીસીએચ/૦૨૦૧/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,જામનગર.
તા.૦૨/૦૧/૨૦૨૩

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનો હુકમ**

આગામી તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો તેમજ ચાઈનીઝ લેન્ટર્ન (તુકકલ) ઉડાવવામાં આવતા હોય છે. આવા પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક દોરી, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા, ચાઈનીઝ દોરી/માંઝાનો ઉપયોગ થાય છે. આવા દોરાના કારણે માણસો, પક્ષીઓ, પશુઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોવાના અને મૃત્યુ પણ થતુ હોવાના બનાવો બનવા પામતા હોય છે. ચાઈનીઝ લેન્ટર્ન(તુકકલ)માં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને નુકસાન થાય છે, તેમજ સળગતી તુકકલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને ઘણું નુકસાન થાય છે.

જે સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટે પીઆઈએલ નં.૨૦/૨૦૧૫ તથા નં.૨૫૩/૨૦૧૬ અન્વયે ચાઈનીઝ માંઝા/નાઈલોન(પ્લાસ્ટીક) દોરી, કાચી, પાયેલ તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલ છે. તેવી જ રીતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી દવારા તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમથી સ્કાય લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૭ ના પત્રથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ–૧૯૮૬ ની કલમ–૫ હેઠળ અત્રેને યોગ્ય પગલા લેવા સુચના મળેલ છે.

આથી આવા દોરાઓથી માણસો અને પશુ–પક્ષીઓને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે. આવા દોરા "નોન બાયોડીગ્રેડીબલ" હોય છે. પતંગોત્સવ દરમિયાન તુટેલા અને વણવપરાયેલા દોરાઓ જમીન ઉપર પડી રહેતા હોય છે. જેના કારણે પાણીના નિકાલની ગટર પાઈપલાઈનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે. ગાયો અને અન્ય પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટિક દોરાઓ ભળી જતા હોય પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. કયારેક પતંગના દોરાના કારણે વીજ લાઈનમાં વિક્ષેપ ઉભા થાય છે. જેના કારણે શોર્ટ સર્કિટ થતાં ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. સરકારશ્રીના ગૃહવિભાગના તા.૦૨/૦૧/૨૦૨૩ પત્ર નં.વિ.૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/ હા.કો.૦૨(પા.ફા) થી જાન્યુઆરી–૨૦૨૩ માં ઉતરાયણ પર્વ નિમિતે નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ અન્વયે જાહેરનામાં બહાર પાડવા જણાવવામાં આવેલ છે

સબબ, હું **ભાવેશ એન. ખેર,** જી.એ.એસ, **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લોઃ જામનગર** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂઈએ ફરમાવુ છું કે, જામનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં કોઈએ તા.૦૨/૦૧/૨૦૨૩ થી તા.૧૫/૦૧/૨૦૨૩ સુધી પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમા ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો તથા ચાઈનીઝ લેન્ટર્ન(તુકકલ)ના ઉત્પાદન, ઉપયોગ કે વેચાણ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (ગ્રામ્ય)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા.૦૨ માહેઃ જાન્યુઆરી–૨૦૨૩ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. પ્રિન્સીપાલશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
૩. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

<u>નકલ રવાના :–</u>

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૨. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૩. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)
૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...ઉકત જાહેરનામું સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે પ્રસિધ્ધ કરાવવા વિનંતી સહ.
૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/જોડીયા/કાલાવડ/લાલપુર/જામજોધપુર
૭. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.
૮. આ કચેરીની રેકર્ડ શાખા તરફ
....જાહેરનામું પ્રસિધ્ધ થયેલ ગેઝેટની નકલ મળ્યેથી મેજી.શાખામાં મોકલી આપવા સારું.
૯. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર
..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૦. સિલેકટ ફાઈલે.